સંકલન કેન્દ્ર

ફોજદારી કેસ નંબરઃ ૯૭૦૬૯-૨૦૨૩

આક ૧ લગત હુકમ

આ કામના આરોપી વિરૂદ્ધ ધી એમ.વી.એક્ટની કલમઃ૧૮૫ તથા પ્રોહી કલમઃ૬૬(૧)(બી) મુજબના ગુનાનુ તહોમત મુકવામાં આવેલ છે. જે કામે આરોપી હાજર થતા સદરહૂ ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનુ તથા ગરીબ કુટુબકબીલાવાળા માણસ હોવાનુ જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાહેધરી અને ખાત્રી આપે છે અને આરોપી દ્વારા જણાવવામા આવેલ છે કે હવે આવી ભુલ નહી થાય, અને ભુલથી આ બનાવ બનેલ છે જે અન્વયે રહેમ નજર કરવા અરજ કરેલ છે.

આરોપી દ્વારા સદર કબુલાત સ્વૈચ્છીક કરવામા આવેલ છે તેમ જણાય આવેલ છે અને આરોપી સામેના ગુનાનો પ્રકાર ધ્યાને લેતા હાલના તબક્કે આરોપીને એક વખત સુધરવાની તક આપવી ન્યોયોચીત જણાય આવે છે,જે અન્વયે સદર કામે આરોપી તર્ફે કરવામાં આવેલ કબુલાત ધ્યાને લેતા તેમજ સદર આરોપી સામેના ગુનાનો પ્રકાર ધ્યાને લેતા અને આરોપી દ્વારા જણાવવામાં આવતા સંજોગો અન્વયે અને કેસના સંજોગોને ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

**-હુ ક મ-**

૧. આ કામના આરોપી કાર્તીક સેલ્વરાજ નાયકર ને ક્રિ.પ્રો.કો.કલમઃ૨૫૨ અન્વયે ધી એમ.વી.એક્ટની કલમઃ૧૮૫ તથા પ્રોહી કલમઃ૬૬(૧)(બી), મુજબના ગુનામાં દોષિત ઠરાવી, રૂા.**૧૦,૦૦૦/-** (અંકે રુપીયા દસ હજાર) પુરા નો દંડ કરવામાં આવે છે તથા મજકુર આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો તેને વધુ દિવસ **દસ** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ વાહન બાબતે જો કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે અન્યથા તેની માલીકી બાબતેના પુરાવા રજુ થયેથી તેના સાચા હક્કદાર ઈસમને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**આ હુકમ આજરોજ યોજાયેલ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.**

મુકામઃઅમદાવાદ.

તા.૨૨/૦૬/૨૦૨૪.

(વી.આર.ચૌધરી)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ
કોર્ટ નંબર-૦૭.